## (1) એરોસોલ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) પ્રવાહી કે વાયુ વાતાવરણમાં તરતી પરિસ્થિતિમાં રહેલાં પ્રવાહી અથવા ઘન કણોના મિશ્રણને એરોસોલ કહે છે.
(2) આવા કણો મુખ્યત્વે વાતાવરણના 20km સુધીના સ્તરમાં વધુ કેન્દ્રિત થયેલાં હોય છે.
(3) સ્ટ્રેટોસ્ફીયરમાં એરોસોલ જોવા મળતા નથી.
(4) એરોસોલના કારણે દશ્યતા (Visibility)માં ઘટાડો થાય છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2) અને (3)
(D) માત્ર (1) અને (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ પૃથ્વીના પ્રવાહી કે વાયુ વાતાવરણમાં તરતી અવસ્થા/પરિસ્થિતિમાં રહેલા પ્રવાહી અથવા ઘન કણોના મિશ્રણને એરોસોલ (Aerosol) કહે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ વાતાવરણમાં આવા કણો નીચેના સ્તરમાં (1.5 KM સુધી) વધુ પડતાં જોવા મળે છે કારણ કે એરોસોલના સ્ત્રોતો પૃથ્વીની સપાટી પર જ હોય છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આમ છતાં કેટલાંક એરોસોલ સ્ટ્રેટોસ્ફીયરમાં પણ જોવા મળે છે. જેમાં જવાળામુખીકીય એરોસોલ મુખ્ય છે કારણ કે તે પ્રસ્ફોટન સમયે ઊંચે સુધી ફેલાય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ એરોસોલ કુદરતી કે કૃત્રિમ રીતે ઉદ્દભવી શકે છે.

⇛ કૃત્રિમ એરોસોલમાં સલ્ફેટ, નાઈટ્રેટ, કાર્બનયુકત એરોસોલ વગેરેનો સમાવેશ થાય છે જે મુખ્યત્વે ઈંધણના દહનથી મુકત થાય છે.

⇛ એરોસોલના કારણે દશ્યતા ઘટી શકે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'EESL' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ Energy Efficiency Services Limited છે.
(2) તે પાવર મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.
(3) તે વિશ્વનો સૌથી મોટો બિન–સબસિડિકૃત ઊર્જા અસરકારકતા પોર્ટફોલીઓ ચલાવે છે.
(4) તાજેતરમાં તેના દ્વારા 'Healthy and Energy Efficient Buildings' નામની પહેલ શરૂ કરવામાં આવી છે.

(A) માત્ર (1) (B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1), (2) અને (3) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં **EESL** દ્વારા **USAID**ના મૈત્રી કાર્યક્રમની સાથે ભાગીદારીમાં **'Healthy and Energy Efficient Buildings'** નામની પહેલ શરૂ કરવામાં આવી છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇛ આ પહેલ દ્વારા કાર્યસ્થળો વધુ સ્વસ્થ અને વધુ લીલાં **(Heathier and Greener)** બની શકશે.

⇛ **USAID**નું પૂરુંનામ **United States Agency for International Development** છે.

⇛ **EESL**નું પૂરુંનામ **Energy Efficiency Services Limited** છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ તે પાવર (ઊર્જા) મંત્રાલય હેઠળ કાર્ય કરે છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ તે વિવિધ ક્ષેત્રમાં વિશ્વનો સૌથી મોટો બિન–સબસિડીકૃત ઊર્જા અસરકારકતા પોર્ટફોલીયો ચલાવી રહી છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) LiDAR ટેક્નોલોજી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ Light Detection and Ranging છે.

(2) તે એક પ્રકારની રિમોટ સેન્સીંગ પદ્ધતિ છે.

(3) આ ઉપકરણમાં માત્ર એક લેઝર તથા એક સ્કેનર હોય છે. આ ઉપકરણમાં GPS રિસિવરની જરૂર પડતી નથી.

(4) તે તેના લક્ષ્યનું 2-D પ્રતિબિંબ બનાવીને પોતાનું કાર્ય કરે છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1) અને (4) (D) માત્ર (2) અને (3)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ LiDARનું પૂરુંનામ Light Detection and Ranging છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તે એક રિમોટ સેન્સીંગ પદ્ધતિ છે જે પલ્સ (Pulse)ના સ્વરૂપમાં લાઈટનો ઉપયોગ અંતર માપવા માટે કરે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તે તેના લક્ષ્યને લેઝર દ્વારા પ્રકાશિત કરે છે ને પ્રતિબિંબનું માપન સેન્સર દ્વારા કરે છે. લેઝરના પાછા આવવાના સમયમાં થતાં ફેરફાર અને તરંગ લંબાઈ દ્વારા લક્ષ્યનું 3-D પ્રતિબિંબ બને છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ LiDARના ઉપકરણોમાં એક લેઝર, એક સ્કેનર તથા એક વિશિષ્ટ GPS રિસિવર હોય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ ટેક્નોલોજીનો ઉપયોગ ખેતીમાં, હાઈડ્રોલોજીમાં, જળ નિયમન પ્રણાલિમાં, ભૂગોળ સંબંધિત ક્રિયાઓમાં તથા પુરાતત્વ વિજ્ઞાનમાં થઈ શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ ફંડના નિર્માણની જાહેરાત નીતિ આયોગ દ્વારા કરવામાં આવી છે.

(2) આ ફંડમાં RBI દ્વારા 250 કરોડનો ફાળો આપવામાં આવશે.

(3) તેનો વહીવટ તથા તેનું નિયમન RBI દ્વારા કરવામાં આવશે.

(4) તે PoS (Point of Sale) ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસના ઉદ્દેશથી બનાવવામાં આવ્યું છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં RBI દ્વારા એક 500 કરોડના પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડના નિર્માણની જાહેરાત કરવામાં આવી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ ફંડના નિર્માણનો હેતુ PoS (Point of Sale) ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ભૌતિક તથા ડિજિટલ વિકાસ કરવાનો છે. આ વિકાસ મુખ્યત્વે ટીઅર-3 થી ટીઅર-6ના કેન્દ્રો તથા ઉત્તર–પૂર્વના રાજ્યોમાં કરવામાં આવશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ 500 કરોડના ફંડમાં રૂ. 250 કરોડનો પ્રાથમિક ફાળો RBI દ્વારા આપવામાં આવ્યો છે. જ્યારે અન્ય ફાળો કાર્ડ–ઈસ્યુ કરતી બેંક તરફથી આવશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ ફંડનું શાસન એક સલાહકારી સમિતિ દ્વારા કરવામાં આવશે પરંતુ તેનું મેનેજમેન્ટ (નિયમન) અને વહીવટ RBI દ્વારા કરવામાં આવશે. (આથી, વિધાન (3) સાચું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(5) નગર વન યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ યોજના પર્યાવરણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવી છે.
(2) આ અંતર્ગત આવનારા 5 વર્ષોમાં 1000 નગરવન બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
(3) આ માટે પૂણેનું વાર્જે નગરવન રોલ મોડેલ તરીકે પસંદ કરવામાં આવ્યું છે.
(4) આ માટેના નાણાં CAMPA ફંડમાંથી આપવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પર્યાવરણ મંત્રાલય દ્વારા નગરવન યોજના જાહેર કરવામાં આવી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ યોજના અંતર્ગત આવનારા 5 વર્ષોમાં સમગ્ર દેશમાં 200 નગર વનનો વિકાસ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ યોજના માટે પૂણેનું વાર્જે નગરવન રોલ મોડેલ તરીકે પસંદ કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ યોજનામાં વનવિભાગ, મ્યુનિસિપાલ સંસ્થા, NGO, કોર્પોરેટ અને સ્થાનિક નાગરિકો સાથે સહકાર સાધવામાં આવશે.

⇛ આ નગરવન હયાત વનભૂમિ તથા સ્થાનિક શહેરી સંસ્થા દ્વારા આપવામાં આવેલ ખાલી જગ્યા પર વિકસાવવામાં આવશે.

⇛ યોજના માટેનું ફંડીંગ CAMPA ફંડ થકી આપવામાં આવશે, (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ CAMPAનું પૂરુંનામ Compensatory Afforestation Fund Management and Planning Authority છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

**Facebook**

*like | comment | share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT